# <u>નવસારી કૃષિ યુનિવર્સિટી</u>

## <u>આંબા અને ચીકુના ઉભા વૃક્ષોના લાકડાંની હરાજીની જાહેરાત</u>

આથી લાગતા વળગતા લાકડાના વેપારી અને રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે આંબા કેસર ના ૮૪ નંગ અને ચીકુના ૧૬૮ નંગ ઉભા વૃક્ષો કાપી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતા ઈસમોએ કેન્દ્ર ખાતે ટેન્ડર ફોર્મના રૂા. ૫૦૦ (પાંચસો પુરા) રોકડા ભરી ટેન્ડર ફોર્મ મેળવી તેની સાથે ડીપોઝીટ પેટે રૂા. ૨૦,૦૦૦/– (વીસ હજાર પુરા) નો **"AAO, ACHF, NAU, Navsari"** ના નામનો ડીમાન્ડ ડ્રાફટ/ચેક ભરી પોતાના ભાવ ઈજારદારની સહીવાળી બોલી અને શરતો સીલબંધ કવરમાં ભાવપત્રક તા. ૨૪/૦૧/૨૦૨૨ સુધીમાં **ઉપરોકત સરનામે** રૂબરૂ /ટપાલ / કુરીયરથી કચેરી સમય દરમ્યાન પહોંચતા કરવાના રહેશે. કવર ઉપર **<u>''આંબા અને ચીકુના ઉભા વૃક્ષોના લાકડાંની હરાજી માટેના ભાવપત્રક''</u>** એમ સ્પષ્ટ લખવું. આવેલા ભાવપત્રકો હરાજીની તારીખ **૨૫/૦૧/૨૦૨૨** ના દિવસે સવારે ૧૦.૦૦ કલાકે કમિટિ દ્વારા ઈજારદારોની હાજરીમાં સદર કેન્દ્રના ફાર્મ ખાતે ખોલવામાં આવશે. આવેલ ભાવ કમિટિને યોગ્ય ન જણાય તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. ઈજારાની શરતો સદર કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

**નોંધઃ** નોવેલ કોરોના વાયરસ (કોવિડ –૧૯) ની મહામારી ના કારણે રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઈજારદારે સરકારશ્રીની ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર**
**અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

# <u>ટેન્ડર ફોર્મ</u>

NAVSARI AGRICULTURAL UNIVERSITY

---

નંબર :
તારીખ : / /૨૦૨૨

પ્રતિ,
**આચાર્ય અને ડીનશ્રી,**
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

મે. સાહેબ,

સવિનય જણાવવાનું કે, આપના ફાર્મ હસ્તકના પ્લોટ નં. ડી–૨ માં આવેલ આંબા કેસરના– ૮૪ નંગ ઝાડ અને પ્લોટ નં. ડી–૩ અને ડી–૪ માં આવેલ ચીકુના ૧૬૮ ઝાડોની હરાજી થવાની છે. તે હરાજીમાં હું ભાગ લેવા માંગુ છું. મારો ઉચ્ચક આંબા અને ચીકુના લાકડાનો ભાવ રૂા.............................................. (અંકે રૂા.......................................................................) નો રહેશે. તો તે માન્ય રાખવા વિનંતી.

(૧) ઈજારદારનું પુરેપુરૂ નામ :..........................................................................................

(૨) ઈજારદારની ઉંમર :..................................................................................................

(૩) ઈજારદારનું પુરેપુરૂ સરનામુ :....................................................................................

..........................................................................................

(૪) ટેલીફોન નંબર : ....................................... મોબાઈલ નંબર :..........................................

(૫) ઈજારદારે હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ અનામતની વિગત

૧. રોકડેથી રૂા. ..................................................

૨. ડીમાન્ડ ડ્રાફટથી (નંબર લખવો)......................................

લિ. આપનો વિશ્વાસુ

ઈજારદારની સહી :..................................................
ઈજારદારનું નામ :..................................................

| અ.નં. | કમિટીના સભ્યો | સહી |
|---|---|---|
| ૧ | સહ સંશોધન નિયામકશ્રી (બાગાયત), નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | |
| ૨ | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | |
| ૩ | ઈ.ચા. સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી | |
| ૪ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા | |
| ૫ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (ફળ), ફળ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ગણદેવી | |

## પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## આંબા અને ચીકુના ઉભા વૃક્ષોનાં લાકડાની હરાજીની જાહેરાત

| | |
|---|---|
| ૧. | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર ખાતેથી આંબા કેસર અને ચીકુના ઉભા વૃક્ષોની જાહેર હરાજી માટેનું ટેન્ડર ફોર્મ રૂ.૫૦૦ ભરી લેવાના રહેશે. હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અનામત પેટે રૂ.૨૦,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક અલગથી પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર ખાતે ભરવાના રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ "AAO, ACHF, NAU, Navsari"ના નામનો કઢાવવાનો રહેશે અને તે જ ઇસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. જે ઇસમનું ટેન્ડર સ્વીકારવામાં કે મંજુર કરવામાં આવે તેઓની અનામતની રકમ પાછળથી માલ ઉપાડવાની કામગીરી પુરી થયા બાદ પરત કરવામાં આવશે. અને બાકીના ઇજારદારની અનામત રકમ પરત કરવામાં આવશે. સંજોગવસાત ચુકવણું કરવામાં મોડું થાય તો ઇજારદાર દ્વારા વ્યાજનો કલેઇમ કરી શકાશે નહી. |
| ૨. | હરાજી બાદ તુંરત જ જેમનું ટેન્ડર સ્વીકારવામાં આવે તેમણે (ઈજારદારે) તેમની હરાજીઓની કુલ રકમના ૨૫% નાણાં તથા સરકારના ધારાધોરણ મુજબના અન્ય ટેક્ષના નાણાં પણ ભરવાના રહેશે. બાકીની ૭૫% રકમ હરાજીની તારીખથી દિન-૧૫ માં અથવા માલ ઉપાડતા પહેલા, બે માંથી જે તારીખ વહેલી હશે તે તારીખે ભરવાના રહેશે. |
| ૩. | હરાજી નિયત કરેલ સ્થળ કે જ્યાએથી કરવામાં આવશે. જેમનો ઇજારો મંજુર થાય તે ઇજારદારે સ્લીપ ઉપર અચુક સહી કરવાની રહેશે. |
| ૪. | હરાજી દરમ્યાન ભાવ કે બોલી માન્ય કે અમાન્ય રાખવી અથવા સ્વીકારવી કે ન સ્વીકારવાની સત્તા કમીટીની રહેશે. આમ છતા જો કોઇ વિવાદ ઉભો થાય તો તેના નિર્ણયની આખરી સત્તા કમીટીની રહેશે. આ નિર્ણય બધાને બંધન કર્તા રહેશે. |
| ૫. | ભાવપત્રકો મળ્યા બાદ કમીટીને જરૂરી લાગશે તો તેજ તારીખ અને સમયે જાહેર હરાજીથી સદરહું વૃક્ષોની બોલી બોલવાની કાર્યવાહી કરવામાં આવશે. જે અંગે કોઇ ઇસમનો વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. હરાજી દરમ્યાન જે બોલી બોલવામાં આવશે તે બોલી સ્વીકારવી કે ન સ્વીકારવી તે બાબતની સત્તા કમીટીની રહેશે. આમા છતાં કોઇ વિવાદ ઉભો થાય તો તેનો આખરી નિર્ણય નીચે સહી કરનાર આપે તે છેવટનો ગણાશે અને તે બધાને બંધન કર્તા રહેશે. |
| ૬. | હરાજીમાં ભાગ લેનાર દરેક ઇસમે હરાજીની શરતો બંધનકર્તા છે એ અંગેનું બાંહેધરીપત્રક સહી કરી આપવાનું રહેશે. સહી ન કરનાર ઇસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી અને બોલી સ્વીકારવામાં આવશે નહી. |
| ૭. | હરાજીમાં ભાગ લેનાર ઇસમ કે ઇજારદારે જાતે માલ જોઇ તપાસી માલની ખાત્રી કરીને બોલી બોલવાની રહેશે. હરાજી મંજુર થયા પછી માલની જાત કે માલના કમીપણા બદલની કોઇપણ તકરાર સાંભળવામાં આવશે નહી. |
| ૮. | જો કોઇપણ ઇસમ બીજા ઇસમ માટે તેની અવેજીમાં બોલી બોલવા કે હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા હશે તો તેમણે પોતાના નામની કોર્ટ પ્રમાણીત કરેલ પાવર ઓફ એર્ટનીનો (મુખત્યાર) પત્ર આપવાનો રહેશે. |
| ૯. | ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલા, નૈતિક અધ:પતનના ગૂન્હા સંબંધમાં શિક્ષા પામેલા, બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદારી નોધાયેલ કે નાદાર જાહેર થયેલ અને ૧૮ વર્ષથી અંદરના ઇસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. આમ છતાં આવી જાણ માંગણી સ્વીકારાય બાદ કમીટીના કે નીચે સહી કરનારના ધ્યાનમાં આવશે તો તેવા ઇસમોની માંગણી રદ કરવામાં આવશે અને ઇસમની ડીપોઝીટની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જમાં કરવામાં આવશે. |

| ઈસ્યુ કરનાર | માંગણી કરનાર | ચકાસણી કરનાર | મંજુર કરનાર |
|---|---|---|---|
| | આચાર્ય<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય<br>નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | | સંશોધન નિયામક અને<br>અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>નવસારી |

| | |
|---|---|
| ૧૦. | હરાજીમાં મુકવામાં આવેલ ઝાડ હરાજી રાખનાર ઇજારદારે જાતે પોતાના ખર્ચે જમીન લેવલથી કાપી લઇ જવાના રહેશે. |
| ૧૧. | ઇજારદારે સ્થળ પર કામ કરતા મજુરો માટે કોવિડ-૧૯ ના નિયમ પ્રમાણેની તમામ સવલતો જેવી કે પીવા માટે સ્વચ્છ પાણી, તબીબી સારવાર વિગેરે તેના ખર્ચે પુરી પાડવાની રહેશે. અકસ્માત વીમો તેમજ કામગીરીને કારણે નુકશાન થાય તે માટેની સઘળી કાયદાકીય વ્યવસ્થા ઇજારદારે કરવાની રહેશે. |
| ૧૨ | હરાજી રાખનાર ઇજારદાર કે તેના રાખેલ માણસો મારફત માલ કે ઝાડની કાપણી દરમ્યાન કોલેજ ફાર્મ કે યુનિ. ની સ્થાવર કે જંગમ અથવા અન્ય ઉભા પાકને નુકશાન થશે તો તેની જવાબદારી ઇજારદારની રહેશે અને નુકશાનીની રકમ ભરપાઇ કર્યા સિવાય માલ ઉપાડવા દેવામાં આવશે નહી. |
| ૧૩ | હરાજીમાં રાખેલ ઝાડને કાપતી વખતે આજુબાજુથી પસાર થતી ઇલેકટ્રીક કે ટેલીફોન લાઇનને નુકશાન ન થાય તે રીતે કાપવાના રહેશે. આમ છતા જો નુકશાની થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઇજારદારની રહેશે અને નુકશાની ભરપાઇ થયા બાદ જ માલ ઉપાડવા દેવામાં આવશે. ઇલેકટ્રીકલ લાઇન છોડાવવા તથા બંધ કરાવવાની જવાબદારી ઇજારદારની રહેશે. |
| ૧૪ | ઝાડની કાપણી વખતે બાજુના ઝાડને કોઇ પણ પ્રકારની નુકશાની થાય તો તેની જવાબદારી ઇજારો રાખનારની રહેશે. |
| ૧૫ | જે ઇજાદારને ઇજારો લાગે તેમણે પોતાના મજુરોની કોઇ પણ પ્રકારની તકરાર અથવા અકસ્માત થાય એ અંગેની સઘળી જવાબદારી લેવાની રહેશે, આ અંગેની જવાબદારી નવસારી કૃષિ યુનિવર્સિટીના કોઇ પણ કર્મચારીની રહેતી નથી. |
| ૧૬ | અનિવાર્ય સંજોગોમાં હરાજી રાખનાર ઇજારદાર ઉપર જણાવેલ મુદત દરમ્યાન માલના નાણાં ભરપાઇ કરી શકશે નહી તો ૧૫ દિવસમાં બે વાર માલ ઉપાડવા માટે નોટીશ અપાશે જો ઇજારદાર આ ૧૫ દિવસમાં નાણાં ભરપાઇ કરવામાં નિષ્ફળ જશે તો આ માલની હરાજી નીચે સહી કરનાર તેની સત્તાની રુએ ફરીથી કરાવશે. જે અંગે ઇજારદારનો હક્ક રહેશે નહી. |
| ૧૭ | હરાજીમાં રાખેલ માલની સંપુર્ણ જવાબદારી હરાજી માન્ય થયાની તારીખથી ઇજારદારની રહેશે. હરાજીમાં રાખેલ માલની ચોરી, નાશ કે ગુમ થયા બદલ અથવા કુદરતી આફત, આગ કે અન્ય હોનારતને કારણે જે નુકશાન થાય તેની જવાબદારી આ સંસ્થાની રહેશે નહી. આ માટે ઇજારદાર પોતે જવાબદાર રહેશે. |
| ૧૮ | હરાજીમાં રાખેલ માલ / ઝાડ જે તે સ્થળેથી ઉપાડવાનો રહેશે અને સંશોધન વૈજ્ઞાનીક પાસેથી ગેટ પાસ મેળવી ફાર્મના મુખ્ય દરવાજેથી ગેટ પાસ બતાવી નિયત કરેલ રસ્તા પરથી કચેરી સમય દરમ્યાન માલ લઇ જવાનો રહેશે. ગેટ પાસ સિવાય વાહન બહાર નીકળવા દેવામાં આવશે નહી. આ માટે ઇજારદાર ગુનેગાર ગણાશે અને દંડને પાત્ર થશે. આવો દંડ નીચે સહી કરનાર નક્કી કરે તે ભરવાનો રહેશે. |
| ૧૯ | હરાજી થયા બાદ માલ કાપીને લઇ જવાની મુદત ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ રહેશે. આ સમયબાદ મુદત લંબાવી આપવામાં આવશે નહી. |
| ૨૦ | હરાજી રાખનાર ઇસમ કે ઇજારદાર સંસ્થાની હદમાં માલને બીજા ઇસમના નામે ટ્રાન્સફર કરી શકશે નહી કે તેનો સબકોન્ટ્રાક્ટ આપી શકશે નહી. |

ઈસ્યુ કરનાર

માંગણી કરનાર
આચાર્ય
અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ચકાસણી કરનાર

મંજુર કરનાર
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

| | |
|---|---|
| ૨૧ | રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર સેલટેક્ષ કે અન્ય સ્થાનિક વેરા અને આ અંગેના વેરાઓ અને કાયદાકાનુનો અનુસાર વર્તવાની જવાબદારી ઇજારદારની રહેશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહી. પરંતુ ઇજારદારે આવા કલીયરન્સ સર્ટીફિકેટ બતાવવાના રહેશે/ઝેરોક્ષ નકલ આપવાની રહેશે. |
| ૨૨ | ઉપરોક્ત શરતોના અર્થ અને અમલ અંગે કોઇકવાર વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો ઇજારદાર કોર્ટનો આશરો લઇ શકશે નહી, પણ આ અંગે નીચે સહી કરનારનો નિર્ણય કે ચુકાદો આખરી અને છેવટનો ગણાશે. આ ચુકાદો ઇજારદારને બંધનકર્તા રહેશે. શરતી ભવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૨૩. | જે ઇસમ હરાજીમાં ભાગ લેવા માગતા હોય તેવા ઇસમ પાસે યુનિ. ની અગાઉની કોઇ પણ હરાજીના નાણાની વસુલાત બાકી નીકળતી હોય તો તેવા ઇજારદારો હરાજીમાં ભાગ લઇ શકશે નહી. |
| ૨૪ | હરાજી રાખનાર ઇસમોએ તેઓનુ હાલ તેમજ કાયમી રહેઠાણનું સરનામું તથા તેના પુરાવા તેમજ ફોન નંબર આપવાનો રહેશે અને ટપાલ પરત આવશે તો તેમને અત્રેથી મોકલેલ સુચનાઓ મળી ગયેલ છે, તે માન્ય/ ગ્રાહ્ય રાખેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| ૨૫. | સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઇપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે. અને તે અંગે કોઇ પણ તકરાર ચાલશે નહી. |
| ૨૬. | ઇજારદાર અધવચે ઇજારો છોડી કે કેન્સલ કરશે. તો ફરીથી ઇજારાની હરાજી કરવામાં આવશે. અથવા તો કચેરી પોતે રાખશે. તેમજ ઇજારો છોડી કે કેન્સલ કરનાર ઇજારદારને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. કચેરીની કોઇ પણ હરાજીમાં ભવિષ્યમાં ભાગ લેવા દેવામાં આવશે, નહી. |
| ૨૭ | હરાજીની શરતોને સંપુર્ણ સ્વસ્થ અને સભાન રીતે વાંચી છે, તેમજ વાંચી સંભળાવેલ છે. તે શરતો મને માન્ય છે અને તેનો ચુસ્ત પણે અમલ કરવા બંધાયેલ છુ. જે માટે મારી સહી કરી સમતી દર્શાવેલ છે. |
| ૨૮ | અર્નેસ્ટમની ડીપોઝીટ નીચે મુજબના કારણો સર જપ્ત કરવામાં આવશે<br>૧) ભાવ/બોલી આપ્યા પછીથી ભાવ / બોલી પાછી ખેંચશે નહી.<br>૨) ટેન્ડર શરતો અને નિયમો મુજબ અમલ નહી કરી શકે તો<br>૩) ઓર્ડરની પુરેપુરી કે અંશત: કામગીરી ન કરી શકે તો |
| ૨૯ | ટેન્ડર ફોર્મના નાણાં પરત મળશે નહી. |
| 30. | ઇજારદારે પોતે રાખેલ કામદારોના નામ અને સરનામા જેતે કચેરીને આપવાના રહેશે. |
| ૩૧. | નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની મહામારી ના કારણે રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ભરતી વખતે અને હરાજીના સમયે ઇજારદારે સરકારશ્રીની ગાઇડલાઇનનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. |

નવસારી
તારીખ: /૧૨/૨૦૨૧

સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)
પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર
અસ્પી બાગાયત-વ-વનીય મહાવિધાલય

આચાર્ય
અસ્પી બાગાયત-વ-વનીય મહાવિધાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ઉપરોક્ત શરતો મેં વાંચેલી છે અને મને માન્ય છે.

ઇજારદારની સહી

પ્રતિ,
સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ઈસ્યુ કરનાર

માંગણી કરનાર
આચાર્ય
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

ચકાસણી કરનાર

મંજુર કરનાર
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી